## શું ફરી એક વાર ઠંડીનો રાઉન્ડ આવશે?

# દેશના હવામાનમાં પલ્ટો આવવાના સાથે અનેક રાજ્યોમાં વરસાદની શક્યતા

નવી દિલ્હી,૧૨

હવામાન સતત બદલાઈ રહ્યું છે. ઉત્તર ભારતમાં ઠંડીની લગભગ વિદાય થઈ ચુકી છે. આવું એટલા માટે કેમ કે હળવી ઠંડી હવે ફક્ત સવાર અને સાંજે જ દેખાય છે.

આખો દિવસ તડકો રહેવાના કારણે ગરમી અનુભવાઈ રહી છે. ફેબ્રુઆરી મહિનામાં આવી ગરમી મે જૂનમાં પડવાની ગરમીના સંકેતો આપી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, જમ્મુ કાશ્મીર અને અરુણાચલ પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદ અને બરફવર્ષા થઈ, તો વળી સિક્કિમ, આસામ અને પશ્ચિમ રાજસ્થાનમાં હળવો વરસાદ નોંધાયો. ઓડિશાના અમુક ભાગમાં ગાઢ ધુમ્મસ જોવા મળી હતી.હવામાન વિભાગે પૂર્વી ભારતના અમુક રાજયોમાં વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. સ્કાઈમેટ વેદરના જણાવ્યા અનુસાર, આગામી ૨૪ કલાકની અંદર, અરુણાચલ પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદ અને બરફવર્ષાની સાથે એક બે જગ્યા પર ભારે વરસાદ અથવા બરફવર્ષા થઈ શકે છે. તો વળી ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, લદ્દાખ, જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશના અમુક ભાગમાં હળવાથી મધ્યમ વરસાદ અને બરફવર્ષા, આસામ, સિક્કિમ અને ઉત્તરાખંડમાં હળવો વરસાદ થઈ શકે છે.

સ્કાઈમેટ વેદરના રિપોર્ટ અનુસાર, આ સમયે એક પશ્ચિમ વિક્ષોભ એક્ટિવ છે. તેના કારણથી રાજસ્થાન અને તેની આજુબાજુના વિસ્તારમાં એક ચક્રવાતી પરિસંચરણ બનેલું છે. પૂર્વોત્તર બાંગ્લાદેશમાં પણ

### છેલ્લા ૨૪ કલાકમાં ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, જમ્મુ કાશ્મીર અને અરુણાચલ પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદ અને બરફવર્ષા થઈ

ચક્રવાતી હવાઓનો પ્રભાવ જોવા મળી શકે છે. વેબસાઈટના અનુસાર, પૂર્વી ભારતના અમુક રાજ્યોમાં ન્યૂનતમ તાપમાનમાં આગામી ૨૪ કલાક દરમ્યાન વધારો થશે. પણ ત્યાર બાદ ઘટાડો થઈ શકે છે. ઉત્તર પશ્ચિમી અને મધ્ય ભારતના ન્યૂનતમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર નહીં થાય.

આગામી ૪૮ કલાકમાં દેશના સાત રાજ્યો, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, આસામ, નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર અને ત્રિપુરામાં ક્યાંકને ક્યાંક વરસાદ થવાની સંભાવના છે. તો વળી પશ્ચિમ બંગાળમાં પણ હળવો વરસાદ થઈ શકે છે. અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને બરફવર્ષાથી હવામાનમાં બદલાવ જોવા મળશે.



જમ્મુ-કાશ્મીરના અખનૂર સેકટરમાં એલઓસી પર આઈઈડી બ્લાલ્ટમાં સેનાના બે જવાનો શહીદ થયા બાદ હાથ ધરાયેલા સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષા દળના જવાનો એક વાહનનું ચેકિંગ કરી રહ્યા છે.

# લડાયક વિમાન તેજસની ડિલીવરીમાં વિલંબથી એરફોર્સ ચીફની ટિપ્પણીથી વિવાદ

નવી દિલ્હી તા.૧૨

ભારતીય વાયુસેના પ્રમુખ એર ચીફ માર્શલ એ.પી.સિંહે જણાવ્યું હતું કે રક્ષા ક્ષેત્રની પીએસયુ હિન્દુસ્તાન એરોનોટીકસ લિમીટેડ (એચએએલ)માં તેનો ભરોસો સતત ઘટતો જઈ રહ્યો છે. એમનું કારણ એ છે કે કંપની હળવા લડાયક વિમાન તેજસની ડિલીવરી અને અપગ્રેડમાં થતા વિલંબને ઘટાડવામાં સફળ નથી થઈ રહી. તેમણે કહ્યું હતું કે આપે અમારી ચિંતા કરવી પડશે.

અમને વધુ આશ્વસ્ત કરવા પડશે. હાલ મને એચએલએલ પર ભરોસો નથી.

જો કે આ ખરાબ બાબતો છે. તેમણે પીએસયુનો હવાલો આપીને કહ્યું હતું કે હું આપને (એચએએલ) બતાવી શકું છું કે અમારી જરૂરિયાત અને ચિંતા શું છે.

એરફોર્સ ચીફની ટિપ્પણી પર વિવાદઃ જો કે આ પહેલીવાર નથી કે જયારે વાયુસેના પ્રમુખે સમયસીમાનું પાલન ન કરવા માટે એચએએલની ટિકા કરી હોય પણ રક્ષા પીએસયુની દક્ષતા પર સવાલ ઉઠાવતી તેમની ટિપ્પણીઓએ વિવાદ ઉભો કરી દીધો છે. એચએએલએ વિલંબ માટે ૧૯૯૮ના પરમાણુ પરીક્ષણો બાદ ભારત પર લગાવવામાં આવેલા પ્રતિબંધોને જવાબદાર ઠેરવ્યા છે.

# રૂપિયાનું મૂલ્ય ઘટતાં ખાદ્યતેલનાં ભાવમાં ૫ થી ૮ રૂપિયાનો વધારો

નવી દિલ્હી : નબળો રૂપિયો ગ્રાહકોને પરેશાન કરી રહ્યો છે, છેલ્લાં પખવાડિયામાં રસોઈ તેલનાં ભાવમાં લગભગ ૫ ટકાનો વધારો થયો છે. કિવિ, એવોકાડો, નાસપતી, પ્રીમિયમ સફરજન, અને બદામ અને સૂકા મેવા જેવાં વિદેશી ફળોનાં ભાવમાં પણ વધારો થવાની તૈયારીમાં છે કારણ કે આયાત મોંઘી થઈ રહી છે

ભારતીય રસોડામાં વપરાતાં રસોઈ તેલમાં ૬૦ ટકા જેટલી આયાત થતી હોવાથી, રૂપિયાનાં મૂલ્યમાં ઘટાડો થતાં રસોઈ તેલની કિંમતોમાં વધારો થયો છે. સોયાબીન, સૂર્યમુખી અને પામ તેલની છૂટક કિંમતોમાં ૫-૬ રૂપિયા પ્રતિ કિલોનો વધારો થયો છે

કીવી, એવોકાડો, નાસપતી અને પ્રીમિયમ સફરજન જેવાં વિદેશી ફળોનાં આયાતકારોએ જણાવ્યું હતું કે આયાતનો ખર્ચ વધ્યો છે, મજબૂત

### આયાતી ફળોનાં ભાવમાં આગામી સપ્તાહોમાં ૧૦ ટકાથી ૧૫ ટકાનો વધારો થવાની સંભાવના

ડોલરની અસરને કારણે આયાતી એવોકાડોની કિંમત ડિસેમ્બરથી અત્યાર સુધીમાં ૩૬૦/કિલોથી ૨૨ ટકા વધીને '૪૪૦/કિલો ગ્રામ થઈ ગઈ છે

મુંબઈનાં વાશીના વિદેશી ફળોનાં આયાતકાર વેપારીએ જણાવ્યું હતું કે રૂપિયાનાં મૂલ્યમાં થતાં ઘટાડાની અસર માર્ચ સુધીમાં આયાતી સફરજન અને કિવીઓના ભાવ પર જોવા મળવાની ધારણા છે. તેમણે જણાવ્યું હતું કે, "સફરજન અને કિવીની આયાત, જે આગામી બે અઠવાડિયામાં ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાથી શરૂ થશે, તે નબળાં રૂપિયાનાં કારણે મોંઘી થવાની સંભાવના છે

રસોઈ તેલમાં પામતેલનો ભાવ ૪.૨૮૪ ટકા વધીને '૧૪૬/કિલો અને સોયાબીન તેલનો ભાવ ૫.૪ ટકા વધીને '૧૩૫/કિ.ગ્રા. સૂર્યમુખી તેલનો ભાવ ૩.૨ ટકા વધીને '૧૫૮/કિલો ગ્રામ પર પહોંચી ગયો છે

સ્થાનિક રીતે ઉત્પાદિત થતાં અન્ય તેલનાં ભાવમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. સરસવનું તેલ ૧૬૩/ કિગ્રાથી વધીને ૧૬૬ રૂપિયા પ્રતિ કિલો, મગફળીનું તેલ ૧૮૩ રૂપિયા પ્રતિ કિલોથી વધીને ૧૮૫ રૂપિયા પ્રતિ કિલો ગ્રામ અને કપાસિયાનું તેલ ૧૨૫ રૂપિયા પ્રતિ કિલોથી વધીને ૧૩૧ રૂપિયા પ્રતિ કિલો ગ્રામ થઈ ગયું છે.

## મફતનું રાશન - રોકડ મળતી હોય તો કમાવાની ચિંતા શુ કામ કરે! તીખો પ્રશ્ન

# 'રેવડી'ના કારણે લોકો કામ કરતા નથીઃ સુપ્રીમની આકરી ટકોર

નવી દિલ્હીઃ દેશમાં ચૂંટણી સમયે હવે રાજકીય પક્ષો દ્વારા રેવડી કલ્ચરથી જ મતો મેળવવાની શરૂ

### આપણે પરોપજીવીઓનો એક મોટો વર્ગ ઉભો કરી રહ્યા છેઃ રાજકીય પક્ષોની આકરી ટીકાઃ ગરીબો પ્રત્યેની ચિંતા સ્વીકાર્ય પણ તેમને 'કમાતા' શિખવીને દેશના વિકાસમાં યોગદાન આપતા કરવા જોઈએઃ આકરૂ નિરિક્ષણ

થયેલી પરંપરામાં સુપ્રીમ કોર્ટે તિવ્ર નારાજગી વ્યકત કરી આકરા નિરિક્ષણમાં જણાવ્યું હતું કે આ પ્રકારના મફત લાભોથી લોકો કામ કરવા ઈચ્છતા નથી અને આપણે પરોપજીવીના એક વિશાળ વર્ગનું સર્જન કરી રહ્યા છીએ. સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ બી.આર.ગવઈ અને ન્યાયમૂર્તિ ઓગષ્ટીન જયોર્જ મસિહે રેનબસેરા અંગેની એક અરજી પર સુનાવણી કરતા રાજકીય પક્ષોની ભારે ટીકા કરી હતી અને જણાવ્યું કે આ પ્રકારની યોજના લોકોને કામ કરવા પ્રોત્સાહન આપતી નથી અને તેઓ દેશના વિકાસમાં ભાગીદાર બનતા નથી. તેઓ મફતમાં રાશન મેળવે છે. તેઓને કામ કર્યા વગર નાણા મળે છે. લોકો પ્રત્યે રાજકીય પક્ષોની ચિંતા વચ્ચે સમજી શકીએ છીએ અને અમો તેનું સન્માન કરીએ છીએ પણ શું તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવીને કામ કરતા કરી દેશના વિકાસમાં સહયોગ આપે તે શું વધુ સારુ ગણી શકાય નહી! સુપ્રીમ કોર્ટની ખંડપીઠે ગરીબી દુર કરવા માટેના આયોજનમાં ફ્રી યોજનાઓ સામે નારાજગી દર્શાવી હતી. આ તકે એટર્ની જનરલ વી. વેંકટસ્વામીએ બચાવમાં કહ્યું કે કેન્દ્ર સરકાર શહેરી ગરીબી નાબુદી મીશનને ફાઈનલ કરવા આગળ વધી છે. જેમાં ઘરવિહોણા લોકોને આવાસ આપવા સહિતની યોજનાઓનો સમાવેશ કરાશે. આ તકે જસ્ટીસ ગવઈએ આ કાર્યક્રમ અમલી બનાવવા કેટલો સમય લાગશે તે જણાવવા એટર્ની જનરલને કહ્યુંહતું અને સુનાવણી છ સપ્તાહ મુલત્વી રાખી હતી. હાલમાં જ દિલ્હી ચૂંટણીમાં જે રીતે ભાજપ-'આપ' અને કોંગ્રેસ પક્ષે રેવડીઓના વચનો આપ્યા તે ખૂબજ ટીકાનું રાજકારણ બની ગયા હતા. અગાઉ મહારાષ્ટ્ર-હરિયાણા અને ઝારખંડની ચૂંટણીમાં પણ રેવડીઓની બૌછાર થઈ હતી જેમાં અનેક રાજયમાં બજેટ પણ વિખેરાય જાય તેવી જાહેરાતો પર અર્થશાસ્ત્રીઓને એ ચિંતા દર્શાવી હતી.


## જાહેર નોટીસ
### નગર રચના યોજના નં.૧૫૩ (સાંતેજ)

આથી જાહેર જનતાને જણાવવાનું કે, નગર રચના યોજના નં. ૧૫૩ (સાંતેજ)ની કામચલાઉ પુનઃરચના/એવોર્ડ પહેલાના પરામર્શની દરખાસ્તો બાબતે યોજનામાં સમાવિષ્ટ જમીન માલિકો/હિતસંબંધ ધરાવતા તમામ વ્યકિતઓને અત્રેની કચેરી દ્વારા પ્રાપ્ત સરનામાઓને આધારે વ્યક્તિગત નોટીસો બજાવીને, તેઓના વાંધા સુચનો રજુ કરવા જણાવી, સુનાવણીની કામગીરી તા.૦૬-૦૨-૨૦૨૫ અને તા.૦૭-૦૨-૨૦૨૫ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. પરંતુ કોઈ જમીન માલિકો/હિતસંબંધ ધરાવનાર તમામ વ્યક્તિઓને સદર કામચલાઉ પુનઃરચના/એવોર્ડ પહેલાના પરામર્શની દરખાસ્તોની નોટીસ પુરતા સરનામાને અભાવે કે બીજા કોઈ કારણોસર મળેલ ન હોય તો પ્રાથમિક પુરાવા તથા જમીન માલિકી હક્કના અધિકૃત પુરાવા સાથે અત્રેની કચેરીએ રૂબરૂ અથવા લેખિત વાંધા સુચનો આ કચેરીના નીચે જણાવેલ સરનામે દિન-૭માં રજૂ કરવા વિનંતી છે. તેમ છતાં રજૂઆત કરવામાં આવશે નહીં તો અત્રેથી લેવામાં આવેલ નિર્ણય જે તે જમીન માલિકો/હિતસંબંધ ધરાવનાર તમામ વ્યક્તિઓને બંધનકર્તા રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

તા.૧૧-૦૨-૨૦૨૫
સ્થળઃ અમદાવાદ

નગર રચના અધિકારી
નગર નિયોજક-૪
અમદાવાદ નગર રચના યોજના એકમ-૧, અમદાવાદ

કચેરીનું હાલનું સરનામું:
નગર રચના અધિકારી, નગર નિયોજક-૪,
નગર રચના અધિકારીની કચેરી,
અમદાવાદ નગર રચના યોજના એકમ-૧, અમદાવાદ,
હિમાલયા બિઝનેસ સેન્ટર, ઓફિસ નં.૨૭ થી ૩૦, બીજો માળ
બી.આર.ટી.એસ. સ્ટેન્ડની પાછળ, આર.ટી.ઓ. સર્કલ
સુભાષબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૨૭
ક્રમાંક/સંમાનિ/અમદ/૧૫૭૫/૨૦૨૫



## TIRUPATI FOAM LIMITED

Off : "TIRUPATI" House, 4th Floor, Nr. Topaz Restaurant, University Road, Polytechnic Char Rasta, Ambawadi, Ahmedabad-380015. Gujarat, INDIA.
CIN: L25199GJ1986PLC009071
Email Id: tirufoam@tirupatifoam.com Website: www.tirupatifoam.com, www.sweetdreamindia.com
Telephone: 26304652 I 53 I 54 I 55

STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR QUARTER ENDED 31ST DECEMBER, 2024

PART I (AMOUNT IN LAKHS)

| Sr. No. | Particulars | Quarter Ended | | | Year to Date | | Yearly |
|---|---|---|---|---|---|---|---|
| | | Unaudited Quarter Ended | Unaudited Quarter Ended | Unaudited Quarter Ended | Unaudited Quarter Ended | Unaudited Quarter Ended | Audited Year Ended |
| | | 31.12.2024 | 30.09.2024 | 31.12.2023 | 31.12.2024 | 31.12.2023 | 31.03.2024 |
| 1 | Revenue From Operation | | | | | | |
| | Total Revenue (a+b) | 3,077.54 | 2,316.59 | 2,926.04 | 7,867.49 | 7,688.60 | 10,453.66 |
| 2 | Expenses | | | | | | |
| | Total Expenses | 3,003.42 | 2,256.23 | 2,844.90 | 7,670.03 | 7,483.39 | 10,177.41 |
| 3 | Profit (Loss) before exceptional items and tax | 74.12 | 60.35 | 81.14 | 197.46 | 205.21 | 276.25 |
| 5 | Profit ( Loss) before Taxes | 74.12 | 60.35 | 81.14 | 197.46 | 205.21 | 276.25 |
| 6 | Total Tax Expenses | 14.54 | 15.69 | 19.79 | 46.05 | 47.19 | 65.93 |
| 7 | Net Profit / (Loss) from ordinary activities after tax (5-6) | 59.58 | 44.64 | 61.36 | 151.41 | 158.02 | 210.33 |
| 8 | Total Other Comprehensive Income | 0.27 | 0.27 | 0.74 | 0.82 | 2.23 | 1.09 |
| 9 | Total Comprehensive Income for the period (7+8) | 59.85 | 44.93 | 62.10 | 152.23 | 160.26 | 211.42 |
| 10 | Paid up Equity Share Capital (face value of Rs. 10/- each) | 440.70 | 440.70 | 440.70 | 440.70 | 440.70 | 440.70 |
| 11 | Earning per share (before extra ordinary items) (of Rs. 10/- each): | | | | | | |
| | Basic | 1.35 | 1.01 | 1.39 | 3.44 | 3.59 | 4.77 |
| | Diluted | 1.35 | 1.01 | 1.39 | 3.44 | 3.59 | 4.77 |

Note: The above is an extract of the detailed Unaudited Financial Results for quarter ended on December 31, 2024 filed with BSE Limited under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirement) Regulations, 2015. The format of the Financial Results are available of the stock exchange website at www.bseindia.com and also on Company's website www.tirupatifoam.com

Place: Ahmedabad
Date: 12.02.2025

For, Tirupati Foam Limited
sd/-
Roshan Sanghavi
Managing Director



ADITYA BIRLA CAPITAL
PROTECTING INVESTING FINANCING ADVISING

## આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ- ઈન્ડિયન રેયોન કંપાઉન્ડ, વેરાવળ, ગુજરાત-૩૬૨૨૬૬
શાખા ઓફિસઃ જી કોર્પ. ટેક પાર્ક, ૮મે માળે, કાસારવડાવલી, ઘોડબંદર રોડ, થાણે, મહા.- ૪૦૦૬૦૧

ડિમાન્ડ નોટિસ (ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩(૧) હેઠળ)

**ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ના સેક્શન ૧૩(૨) હેઠળ વૈકલ્પિક બજવણી**

આથી નીચે ઉલ્લેખ કરેલ દેણદારોને અત્રે નોટિસ આપવામાં આવે છે કે તેઓ તેમણે આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (એબીએચએફએલ) પાસેથી મેળવેલ ક્રેડિટ સુવિધાની પરત ચૂકવણીમાં કસૂર કરેલ છે, તેમનું લોન ખાતું આરબીઆઈની ગાઈડલાઈન્સ મુજબ નોન-પરફોર્મિંગ એસેટ તરીકે કંપનીના ચોપડે વર્ગીકૃત થયેલ છે. તે પછી એબીએચએફએલએ ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (સરફૈસી કાયદો) ના સેક્શન ૧૩(૨) હેઠળ સદર દેણદારોના છેલ્લા પરિચિત સરનામે ડિમાન્ડ નોટિસો મોકલી હતી જેમાં એમને આખીય બાકી રકમ એની પરના કરાર આધારિત દરે થનાર વ્યાજ સહિત અને આકસ્મિક ખર્ચ, કોસ્ટ, ચાર્જેસ વગેરે જે સદર ડિમાન્ડ નોટિસોમાં જણાવેલ છે તે સહિત ચૂકવી જવા જણાવેલ.તેમ છતાં ડિમાન્ડ નોટિસ ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨(સરફૈસી નિયમો) ના નિયમ ૩ મુજબ પણ બજવવામાં આવે છે.

| ક્રમ નં. | દેણદાર/સહ-દેણદાર અને જામીનદાર/સહજામીનદારનું નામ અને સરનામું અને ધિરાણ ખાતા નંબર | એનપીએ તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસ/ તારીખ મુજબ લેણી નીકળતી રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧.નારાયણદાસ ગવરદાસ સંત યુનિટ નં.એચ-૩૦૪, દેવકૃપા ક્રિસ્ટલ, દેવકૃપા એવન્યૂ પાસે, આયોજનનગર સામે, એસપી રિંગ રોડ પાસે, વિંઝોલ, અમદાવાદ, ગુજરાત-૩૮૨૨૪૫. ૨. વિમલાદેવી નારાયણદાસ સંત યુનિટ નં.એચ-૩૦૪, દેવકૃપા ક્રિસ્ટલ, દેવકૃપા એવન્યૂ પાસે, આયોજનનગર સામે, એસપી રિંગ રોડ પાસે, વિંઝોલ, અમદાવાદ, ગુજરાત-૩૮૨૨૪૫. ૩.નારાયણદાસ ગવરદાસ સંત કેર ઓફ નેશનલ ઈલેક્ટ્રિકલ્સ દુકાન નં. ૨, ફેઝ-૧, જીઆઈડીસી, પાણીની ટાંકી સામે, વટવા, અમદાવાદ, ગુજરાત-૩૮૨૪૪૫. ૪.વિમલાદેવી નારાયણદાસ સંત કેર ઓફ નેશનલ ઈલેક્ટ્રિકલ્સ દુકાન નં. ૨, ફેઝ-૧, જીઆઈડીસી, પાણીની ટાંકી સામે, વટવા, અમદાવાદ, ગુજરાત-૩૮૨૪૪૫. ધિરાણ ખાતા નંબરઃ LNAHMPNO-11210106421 અને LNAHMPNO-11210106422 | ૦૧-૦૨-૨૦૨૫ | ૦૭-૦૨-૨૦૨૫ | રૂ. ૧૯,૪૭,૯૪૪.૨૬/- (અંકે રૂપિયા ઓગણીસ લાખ સુડતાલીસ હજાર નવસો ચુમ્માલીસ અને પૈસા છવ્વીસ પૂરા) બાકી નીકળતી મુદ્દલ, એરિયર્સ (મુદતવીતી ચાર્જેસ સહિત) અને ૦૬.૦૨.૨૦૨૫ સુધીના વ્યાજ સહિત મુજબ |

**સ્થાવર મિલકત/ ગિરવે મિલકતોનું વર્ણનઃ** મોજે વિંઝોલ, તાલુકો વટવા અને જિલ્લો અમદાવાદ અને રજિસ્ટ્રેશન પેટા-જિલ્લો અમદાવાદ-૧(અસલાલી), અમદાવાદ, ગુજરાત-૩૮૨૨૪૫ ખાતે આવેલ ટી.પી. સ્કિમ નં.૭૩ના ફાઈનલ પ્લોટ નં. ૨૬/૨ની માપણી ૬૬૧૭ ચો.મી.(જે સર્વે નં. ૫૭/૨ની બદલીમાં ફાળવાયેલ) બિનખેત જમીન પર બંધાયેલ દેવકૃપા ક્રિસ્ટલ નામની સ્કિમમાં કોમન સુવિધાઓ અને સવલતો સાથે ફ્લેટ નં.એચ-૩૦૪, ૩જે માળે, બિલ્ટ અપ એરિયા માપણી ૭૪.૬૩ ચો.મી. અથવા એની આસપાસ સાથે જ જમીનમાં માપણી ૨૭.૫૩ ચો.મી. વિભાજિત હિસ્સો આ મિલકતના તમામ હક્કહિસ્સા. અને સીમાઓ છેઃ પૂર્વેઃ ફ્લેટ નં. એચ/૩૦૩ પછી પેસેજ, પશ્ચિમેઃ ફ્લેટ નં. એચ/૩૦૫, ઉત્તરેઃ ફ્લેટ નં.એચ/૩૦૧, દક્ષિણેઃ માર્જિન પછી દેવકૃપા ડિવાઈન.

આથી અત્રે અમે અહીં જણાવેલ દેણદારને આ નોટિસની તારીખથી દિન ૬૦માં બાકીની રકમ(મો) તેની પર થનાર આગળના વ્યાજ વત્તા કોસ્ટ, ચાર્જેસ, ખર્ચાઓ વગેરે સહિત ચૂકવી જવા જણાવીએ છીએ. એમાં નિષ્ફળ ગયેથી સંપૂર્ણપણે તમારા ખર્ચે અને જોખમે ગિરવે મિલકત જપ્ત કરવા એટલું જ નહીં એનો કબજો લેવા તથા સિક્યોર્ડ અસ્ક્યામતો વેચવા છૂટા છીએ. મહેરબાની કરીને નોંધ લેશો કે કંપનીની લેખિત પૂર્વમંજૂરી વિના ઉપરોક્ત સિક્યોર્ડ અસ્ક્યામતો વેચાણ, લિઝ કે અન્ય કોઈ રીતે તબદિલ કરવા તમને સરફૈસી કાયદાના સેક્શન ૧૩(૧૩) મુજબ મનાઈ ફરમાવવામાં આવે છે. સદર સેક્શનનો કોઈ પણ રીતે ભંગ થવાથી સરફૈસી કાયદાના સેક્શન ૨૯ અને /અથવા આ સંબંધે અન્ય કોઈ કાયદાની જોગવાઈ અન્વયે તમને સજા થઈ શકે છે.

સિક્યોર્ડ અસ્ક્યામત છોડાવવાના સંદર્ભે મળવાપાત્ર સમયમર્યાદા અંગે કાયદાના સેક્શન ૧૩ના સબસેક્શન (૮)નીજોગવાઈ તરફ દેણદારોનું ધ્યાન દોરવામાં આવે છે કે જો એબીએચએફએલને લેણી થતી રકમ તમામ કોસ્ટ, ચાર્જેસ અને એબીએચએફએલને થયેલ ખર્ચાઓ સહિત વેચાણ કે તબદિલીની નક્કી થયેલ તારીખ અગાઉ એબીએચએફએલને ચૂકવી દેવામાં આવશે તો એબીએચએફએલ સિક્યોર્ડ અસ્ક્યામત વેચાણ કે તબદિલ નહીં કરે અને એબીએચએફએલ દ્વારા સિક્યોર્ડ અસ્ક્યામત વેચાણ કે તબદિલ માટે અન્ય કોઈ પગલા નહીં લેવાય.

તા. ૧૩.૦૨.૨૦૨૫
સ્થળઃ અમદાવાદ

સહી /- અધિકૃત અધિકારી
(આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ)



## ZENITH HEALTHCARE LIMITED

Zenith HEALTHCARE LTD.
Registered Office : 504, Iscon Elegance, Nr. Ananddham Jain Derasar, Prahladnagar Cross Road, S.G. Road, Ahmedabad - 380015 || CIN No. : L2431GJ1994PLC023574
Tele Phone Nos. : 079 - 66168889 / 90, 40095550 || Fax No. : 079 - 66168891
E-mail : mahendrazenith@hotmail.com || Website : www.zenithhealthcare.com

UNAUDITED STANDALONE IND AS COMPLIANT FINANCIAL RESULT FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31ST DECEMBER, 2024 (Rs. in Lacs)

| Sr No | Particulars | Quarter ended 31/12/2024 (Unaudited) | Quarter ended 31/12/2023 (Unaudited) | 9 Months ended 31/12/2024 (Unaudited) | 9 Months ended 31/12/2023 (Unaudited) | Year ended 31/03/2024 (Audited) |
|---|---|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 246.75 | 395.41 | 822.64 | 1155.39 | 1470.17 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and / or Extraordinary items) | (10.78) | 9.92 | 22.68 | 46.11 | 27.581 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (After Exceptional and / or extraordinary items) | (10.78) | 9.92 | 22.68 | 46.11 | 27.58 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (After Exceptional and / or extraordinary items) | (29.22) | 9.92 | (4.27) | 46.11 | 20.35 |
| 5 | Total comprehensive Income for the period | - | - | - | - | - |
| 6 | Equity Share Capital (Face Value Rs.1/- each) | 537.39 | 537.39 | 537.39 | 537.39 | 537.39 |
| 7 | Reserve (excluding revaluation reserve as shown in the balance sheet of previous year) | - | - | - | - | 196.39 |
| 8 | Earnings Per Share (of Rs.1/- each) (for continuing and discontinuing operation) | | | | | |
| | - Basic : | (0.05) | 0.018 | (0.01) | 0.086 | 0.038 |
| | - Diluted : | (0.05) | 0.018 | (0.01) | 0.086 | 0.038 |

Notes : (1) The above is an extract of the detailed financial results for the Third Quarter ended 31st December, 2024 filed with the Stock Exchange pursuant to regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015. The full format of the same are available on the website of the Stock Exchange at www.bseindia.com and also on the Company's web site at www.zenithhealthcare.com

Place : Ahmedabad
Date : 11-02-2025

Scan QR Code for Financial Results

For, Zenith Healthcare Limited
sd/- Mahendra C. Raycha
Chairman & Managing Director DIN: 00577647


# એપલે ૯ મહિનામાં ૧.૬૨ લાખ કરોડની કમાણી કરીને ટાટા સ્ટીલની બરાબરી પર પહોંચી

નવી દિલ્હી :

ભારતમાં એપલે આઈફોનના વેચાણએ એક નવો રેકોર્ડ બનાવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ નવ મહિનામાં, આઈફોનનું વેચાણ કરીને ૧.૬૨ લાખ કરોડની કમાણી કરી હતી. આ આંકડો દેશની સુપ્રસિદ્ધ મેન્યુફેક્ચરિંગ કંપની ટાટા સ્ટીલની કુલ આવક સમાન છે, જે પણ ૧.૬૨ લાખ કરોડ રૂપિયા નોંધાઈ હતી.

ભારતમાં એપલ ઇન્કના આઈફોન ઉત્પાદનમાં અપેક્ષા કરતાં વધારે વધારો થયો છે. સરકારની પીએલઆઈ યોજનાની સફળતાનું આ એક મુખ્ય ઉદાહરણ બની ગયો છે. એપલના આઈફોન ઉત્પાદનની કિંમત ૧.૧૫ લાખ કરોડ હોવાનો અંદાજ છે. આ તે કિંમત છે જેમાં ફેક્ટરીમાંથી માલની કિંમત અને નિકાસ થાય છે. એપલના કુલ ઉત્પાદનનાં ૭૦ ટકા નિકાસ કરવામાં આવ્યાં હતાં. એપલનું ઉત્પાદન મૂલ્ય પણ અન્ય મોટી કંપનીઓ કરતાં વધુ મજબૂત છે. જેએસડબ્લ્યુ સ્ટીલે ૯ મહિનાનાં ગાળામાં રૂ.૧.૨૪ લાખ કરોડની આવક નોંધાવી હતી, જ્યારે મહિન્દ્રા અને મહિન્દ્રાની આવક રૂ. ૧.૧૬ લાખ કરોડ હતી.


## VERONICA PRODUCTION LIMITED

VERONICA PRODUCTION LIMITED
CIN: L22130GJ1990PLC014567
Regd. Office: 130, Silver Chamber, Tagore Road, Opp. Atul Motors, Rajkot-360002, Gujarat, India • Website: www.veronicaproduction.com
Email Id: shreychemicals@gmail.com • Contact No.: - +91 99786 16014

**STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 31ST DECEMBER, 2024**

Based on the recommendations of the Audit Committee the Board of Directors at their respective Meetings held on 11th February, 2025 has approved the standalone unaudited financial results for the quarter ended 31st December, 2024 along with Limited Review Report as required under Regulation 33 of SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015. The result is also available on the websites of the Stock Exchange(s) and the listed entity at https://veronicaproduction.com/financial-results.html

Scan the QR code to view the financial results on the website of the company

For and on behalf of
Veronica Production Limited,
S/d- Nirbhaybhai Dhruvbhai Dave
Managing Director - DIN: 10439618

Place : Rajkot
Date : 12/02/2025



## RAGHUVIR SYNTHETICS LIMITED

Regd. Office: Rakhial Road, Rakhial, Ahmedabad-380023
Phone: 079-22911015-22911902 • CIN : L17119GJ1982PLC005424
E-mail : info@raghuvir.com • Website: www.raghuvir.com

**EXTRACT OF CONSOLIDATED UN-AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 31ST DECEMBER, 2024**

(Rs. In Lacs except per share data)

| Particulars | Current Quarter Ending | Year to Date | Corresponding 3 months ended in the previous year |
|---|---|---|---|
| | 31-Dec-24 | 31-Dec-24 | 31-Dec-23 |
| Total Income from Operations | 8368.50 | 24256.07 | 6186.69 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and / or Extraordinary items) | 34.20 | 478.84 | 106.88 |
| Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 34.20 | 478.84 | 106.88 |
| Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 20.71 | 489.33 | 127.96 |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 19.88 | 487.21 | 128.31 |
| Equity Share Capital | 387.50 | 387.50 | 387.50 |
| Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balace Sheet of the previous Year | | 2231.87 | |
| Earnings Per Share (of Re. 1/- each) (for continuing and discontinued operations) 1) Basic : 2) Diluted : | 0.05<br>0.05 | 1.26<br>1.26 | 0.33<br>0.33 |

**Key numbers of Standalone Results are as under :**

| Particulars | Current Quarter Ending | Year to Date | Corresponding 3 months ended in the previous year |
|---|---|---|---|
| | 31-Dec-24 | 31-Dec-24 | 31-Dec-23 |
| Total Income from Operations | 8369.77 | 24273.91 | 6186.41 |
| Profit / (Loss) Before Tax | 37.55 | 484.20 | 108.29 |
| Profit / (Loss) After Tax | 24.06 | 494.69 | 129.37 |

NOTES :
1. The above is an extract of the detailed format of Consolidated Un-audited Financial Results for the Quarter 30/12/2024 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Consolidated and Standalone Un-audited Financial Results is available on the website of the Stock Exchange www.bseindia.com and on the Company website at www.raghuvir.com. and these can also be accessed through the QR code given below.
2. Figures of the previous quarter / period / year have been regrouped or rearranged, wherever necessary.

Date : 11-02-2025
Place : Ahmedabad.

For, Raghuvir Synthetics Limited
Sd/-
Sunil R. Agarwal
(Chairman & Managing Director)
DIN No.: 00265303